# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-05-2024 Evening : 7.50 to 8.00
Day : THURSDAY National News

### આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

*************************************************

- ✓ દેશમાં યોજાઇ રહેલી લોકસભાની ચૂંટણીના પહેલા ચાર તબક્કામાં 45 કરોડ 10 લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું છે.
- ✓ લોકસભા ચૂંટણીના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પ્રચાર વેગવાન બન્યો છે.
- ✓ ખાસ અદાલત દ્વારા મની લોન્ડરીંગ કેસમાં ઇડીની ફરિયાદની નોંધ લેવાયા બાદ સંબંધીત કેસમાં આરોપીની ધરપકડ કરી શકાશે નહીં.
- ✓ કેન્દ્ર સરકારે ડાયાબીટીસ સહિત કેટલાક રોગોની સારવારમાં ઉપયોગમાં લેવાતી 41 દવાઓની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.
- ✓ ઉત્તરાખંડ સરકારે જણાવ્યું છે કે, અગાઉ નોંધણી કરાયા વિના કોઇપણ ભાવિક ચારધામની યાત્રા કરી શકશે નહીં.
- ✓ ભારતના સાત્વિક સાઇરાજ રેન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ બેંગકોકમાં રમાઇ રહેલી થાઇલેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ECI- POLLING DATA

દેશમાં યોજાઇ રહેલી લોકસભાની ચૂંટણીના પહેલા ચાર તબક્કામાં 45 કરોડ 10 લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું છે. ચૂંટણીપંચે આજે બહાર પાડેલી યાદીમાં જણાવ્યું છે કે, લોકસભાની પહેલા ચાર તબક્કાની ચૂંટણીમાં 66.95 ટકા મતદાન થયું છે. યાદીમાં જણાવ્યું છે કે, ભારતીય મતદારોએ મોટી સંખ્યામાં મતદાન કરીને સમગ્ર વિશ્વને આગવો સંદેશ આપ્યો છે. ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણીના બાકીના તબક્કામાં વધુ મતદાન કરવા મતદારોને અપીલ કરી છે.

યાદીમાં જણાવ્યું છે કે, બાકીના તબક્કાની ચૂંટણીમાં મતદારોને વધુ માહીતગાર કરવા, તેમને મતદાન માટે પ્રોત્સાહન આપવું અને જરૂરી સુવિધાઓ પૂરી પાડવા ઉપર ચૂંટણીપંચે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વધુ મતદાન કરવા મતદારોને પ્રોત્સાહન આપવાની ઝુંબેશમાં વિવિધ ક્ષેત્રના અગ્રણી લોકો તેમજ જાહેર અને ખાનગી સંસ્થાઓને પણ ચૂંટણીપંચે સાંકળી લીધા છે.

## CAMPAIGNING

લોકસભા ચૂંટણીના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય દળોના સ્ટાર પ્રચાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠનેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના જૌનપુર ખાતે ચૂંટણીરેલીને સંબોધતાં જણાવ્યું હતું કે, લોકસભાની આ ચૂંટણીએ દેશમાં મજબૂત સરકાર આપી શકે તેવા પક્ષ અને નેતાને ચૂંટવાની તક લોકોને આપી છે.

અગાઉ આઝમગઢ ખાતે જાહેરસભામાં સંબોધન કરતાં શ્રી મોદીએ સમાજવાદી પક્ષ અને કોંગ્રેસને એક જ નાણાંની બે બાજુ ગણાવીને તેમની નિતીની ટીકા કરી હતી.

ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહે બિહારમા મધુબની અને સીતામઢી ખાતે ચૂંટણીસભામાં જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરમાં 370મી કલમ રદ કરીને વર્તમાન એનડીએ સરકારે એક રાષ્ટ્રની ભાવના મજબુત રીતે અમલમાં મૂકી છે.

આરજેડી પક્ષના નેતા તેજસ્વી યાદવે બિહારના મધુબનીમાં ચુંટણીસભામાં બેરોજગારીના મુદ્દે કેન્દ્રની એનડીએ સરકારની નિતીની ટીકા કરી હતી. કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલીમાં સઘન પ્રચાર કરી રહ્યા છે. તેઓ છેલ્લા ત્રણ દિવસથી રાયબરેલીના કાર્યકર્તાઓ તેમજ લોકો સાથે મુલાકાત કરી રહ્યા છે. અહીં સભાને સંબોધતા તેમણે કેન્દ્ર સરકાર સામે પ્રહાર કર્યા હતા. શ્રી ગાંધીએ રોજગાર, પેન્શન, અનામત જેવા મુદ્દાઓને લઈને કેન્દ્ર સરકાર સામે સવાલ ઉઠાવ્યા હતા.

## SUPREME COURT- ED

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, ખાસ અદાલત દ્વારા મની લોન્ડરીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ વિભાગની ફરિયાદની નોંધ લેવાયા બાદ એન્ફોર્સમેન્ટ વિભાગ સંબંધીત કેસમાં આરોપીની ધરપકડ કરી શકે નહીં. અદાલત દ્વારા સંબંધિત કેસની નોંધ લેવાયા બાદ એન્ફોર્સમેન્ટ વિભાગ મની લોન્ડરીંગ પ્રતિબંધક ધારાની કલમ 19 હેઠળ કાર્યવાહી કરી શકશે નહિં.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અભય ઓક અને ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાનની બનેલી પીઠે વધુમાં અવલોકન કર્યું છે કે, જો તપાસ સંસ્થા આરોપીને કસ્ટડીમાં લેવા ઇચ્છતી હોય તો તેણે આ હેતુથી ખાસ અદાલતમાં અરજી કરવાની રહેશે.

સર્વોચ્ચ અદાલતે એવું પણ જણાવ્યું છે કે, તપાસ સંસ્થા દ્વારા મની લોન્ડરીંગ કેસ અંગે ફરિયાદ દાખલ કરાયા બાદ સંબંધિત કેસમાં વધુ તપાસ કરવી

હોય તો સંસ્થા ફરિયાદમાં આરોપી દર્શાવાયા ન હોય તેવી વ્યક્તિની ધરપકડ કરી શકે છે.

## GOVT-MEDICINES

કેન્દ્ર સરકારે ડાયાબીટીસ સહિત કેટલાક રોગોની સારવારમાં ઉપયોગમાં લેવાતી 41 દવાઓની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય દવા કિંમત નિયમન સત્તામંડળની યોજાયેલી બેઠકમાં આવશ્યક દવાઓ નાગરિકોને વાજબી દરે પૂરી પાડવા હેતુથી આ નિર્ણય લેવાયો છે. સત્તાવાળાઓએ સંબંધિત દવાઓની કિંમતમાં કરાયેલા ઘટાડાની માહીતી દવાઓના ડિલર અને સ્ટોકિસ્ટને તરત પહોંચાડવાનો નિર્દેશ દવા કંપનીઓને આપ્યો છે.

## UTTARAKHAND-CHAR DHAM YATRA

ઉત્તરાખંડ સરકારે જણાવ્યું છે કે, અગાઉ નોંધણી કરાયા વિના કોઇપણ ભાવિક ચારધામની યાત્રા કરી શકશે નહીં. ભાવિકોની નોંધણી ચકાસણી માટે ચોક્કસ સ્થળોએ ચકાસણી કેન્દ્રો ઉભા કરાયા છે. અને નોંધણી વિનાના ભાવિકોને યાત્રાની મંજરી અપાશે નહિં. ઉત્તરાખંડના અગ્રસચિવે બધા જ રાજ્યોના અગ્રસચિવોને પત્ર લખીને આ જાણકારી આપી છે. પત્રમાં સંબંધિત રાજયોમાંથી ચારધામની યાત્રાએ ઉત્તરાખંડ આવનાર ભાવિકોને આ નિયમની માહીતી આપવા પણ સૂચના અપાઇ છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે મોટી સંખ્યામાં ભાવિકો ચારધામની યાત્રાએ પહોંચ્યા છે. આ પૈકી માહીતી ન હોવાથી ઘણા ભાવિકો નોંધણી કર્યા વિના જ ચારધામની યાત્રાએ પહોંચ્યા છે.

## THAILAND-OPEN-BADMINTON

ભારતના સાત્વિક સાઇરાજ રેન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ બેંગકોકમાં રમાઇ રહેલી થાઇલેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

સાત્વિજ સાઇરાજ અને ચિરાગની જોડીએ પ્રિ-કવાર્ટર ફાઇનલમાં ચીનના શી હાઓ નાન અને ઝેંગ વિ હાનની જોડીને 2-0થી પરાજય આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

જો કે, મહિલાઓની સિંગલ્સમાં અસ્મિતા ચલીહા વિશ્વમાં સાતમો ક્રમાંક ધરાવતી ચીનની હાન યુઇ સામે હારી જતાં સ્પર્ધામાંથી બહાર થયાં છે. પૂરૂષોના વિભાગમાં મૈરાબે ડેન્માર્કના ક્રિસ્ટનસેનને પરાજય આપીને કવાર્ટરફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

## Skill Delhi

દિલ્હીમાં ધ ઇંડિયા સ્કિલ્સ 2024 સ્પર્ધા યોજાઇ રહી છે. ચાર દિવસ ચાલનારી આ કૌશલ્ય સ્પર્ધામાં 30 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 900થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે. આ સ્પર્ધામાં પરંપરાગત હસ્તશિલ્પથી લઇને નવી ટેકનોલોજી જેવા ક્ષેત્રોને આવરી લેવાયા છે. આ સ્પર્ધામાં વિજેતા થનાર સ્પર્ધકોને ફ્રાન્સમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં યોજાનારી વિશ્વ કૌશલ્ય સ્પર્ધા માટે ખાસ પ્રશિક્ષણ અપાશે.

## DG---AIR

ભારતીય માહીતી સેવા આઇઆઇએસના વરિષ્ઠ અધિકારી મૌસમી ચક્રવતીએ આજે આકાશવાણીના મહાનિદેશક તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. વર્ષ 1991ની બેચના  આઇઆઇએસના વરિષ્ઠ અધિકારી મૌસમી ચક્રવતી માહીતી અને પ્રસારણ મંત્રાલયના પીઆઇબી સહિત વિવિધ મીડીયા એકમોમાં વિવિધ કામગીરીનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે રાષ્ટ્રીય માનવઅધિકાર પંચમાં પણ કામગીરી કરી છે.

## NIA-TERRORIST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA) એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદ સાથે સંકળાયેલા મનાતા ટોચના આતંકવાદીઓની સાત સ્થાવર મિલકતોને ટાંચમાં લીધી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યું છે કે, આરોપી સરતાજ અહેમદની કાશ્મિરના પુલવામા જીલ્લામાં આવેલી સ્થાવર મિલકતો આજે ટાંચમાં લેવાઇ છે. ઉલ્લેખનીય છે કે, તપાસ સંસ્થા દ્વારા ગત જાન્યુઆરી 2020માં સરતાજની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી શસ્ત્રો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

## INDIA - GREEN HYDROGEN

કેન્દ્રિય નવી અને પુનઃ પ્રાપ્ય ઉર્જા વિભાગના સચિવ ભૂપિન્દરસિંહ ભલ્લાએ જણાવ્યું છે કે, વૈશ્વિક સ્તરે હાઇડ્રોજન આધારિત અર્થતંત્રને ઓપ આપવામાં ભારત મહત્વની ભૂમિકા ભજવશે. નેધરલેન્ડમાં યોજાઇ રહેલી વિશ્વ હાઇડ્રોજન શિખર પરિષદમાં સંબોધન કરતાં શ્રી ભલ્લાએ વધુમાં જણાવ્યું હતું કે, બજારની માંગણી મુજબ હાઇડ્રોજનનું ઉત્પાદન કરવા ભારત સક્ષમ છે.

તેમણે કહ્યું કે, ભારતમાં બિન આશ્મિક ઇંધણ દ્વારા વીજઉત્પાદનની સ્થાપિત ક્ષમતાનું પ્રમાણ કુલ ઉત્પાદનના 43 ટકા જેટલું છે. ભારતે આ ક્ષેત્ર દ્વારા વાજબી દરે વીજઉત્પાદન, આ ક્ષેત્રે માળખાકીય વિકાસ અને કુશળ કર્મચારીઓ કેળવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે કહ્યું કે, ભારત પાસે મજબૂત સંકલિત ગ્રીડ માળખાકીય વ્યવસ્થા છે. જે પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો દ્વારા મળી રહેલી ઉર્જાને દેશભરમાં પહોંચાડવા સક્ષમ છે. એવી જ રીતે આ કામગીરી કુશળતાપૂર્વક હાથ ધરવા ભારત પાસે કુશળ ઇજનેરી માનવબળ ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.